Postal Regd. No. GRJ-24
WPP License No. G-PMG-RJT/014/2012-14
Valid Up to Dt. 30-06-2014

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

**SUPPLEMENT TO THE CENTRAL GAZETTE AND CENTRAL SECTION**

***PUBLISHED BY AUTHORITY***

VOL. LIV ] TUESDAY, 14th MAY, 2013/VAISHAKHA 24, 1935 [No. 44

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central section in order that it may be filed as a separate compilation

**PART-II** **EXTRAORDINARY**

## જાહેર નોટિસ

### નમુનો-ક

*(જુઓ નિયમ-૫)*

*ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯ની કલમ-૧૫ (૩) (ii) અને કલમ-૧૭*
*ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૩*
*ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ના નિયમ-૫*

### માંડલ-બેચરાજી ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક સત્તામંડળ વિસ્તારની મુસદ્દારૂપ વિકાસ યોજનાની જાહેર પ્રસિદ્ધિ બાબત

નં. ડીપી/માંડલ-બેચરાજી/ટેક/૧૭/૨૦૧૩/૨૪૦/૧૩.-ગુજરાત ખાસ મૂડીરોકાણ પ્રદેશ અધિનિયમ, ૨૦૦૯ (જેને હવે પછી 'અધિનિયમ, ૨૦૦૯' તરીકે ઉલ્લેખવામાં આવે છે.)ની કલમ-૩ અને કલમ-૪ની જોગવાઈઓ હેઠળ સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૨૪-૦૯-૨૦૧૨ના જાહેરનામાંથી અમદાવાદ જિલ્લાના માંડલ તાલુકાના ૧૯ ગામો, દેત્રોજ તાલુકાના ૧૨ ગામો તથા સુરેન્દ્રનગર જિલ્લાના દસાડા-પાટડી તાલુકાના ૧૨ ગામો અને મહેસાણા જિલ્લાના બહેચરાજી તાલુકાનું ૧ ગામ મળીને કુલ ૪૪ ગામોના ૫૦૮૮૪.૮૩ હેક્ટરના સમગ્ર વિસ્તાર માટે માંડલ-બહેચરાજી ખાસ મૂડી રોકાણ પ્રદેશની જાહેરાત કરેલ છે. આ જાહેર થયેલા માંડલ-બેચરાજી અધિનિયમ-૨૦૦૯ની કલમ-૮, ૯, ૧૦ અને ૧૫ની જોગવાઈઓ હેઠળ, ગુજરાત સરકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૦૧-૧૦-૨૦૧૨ના જાહેરનામાંથી, માંડલ-બેચરાજી ખાસ મૂડી રોકાણ પ્રાદેશિક સત્તામંડળની રચના કરેલ છે.

અધિનિયમ-૨૦૦૯ની કલમ-૧૫(૩)(ii) ની તેમજ કલમ-૧૭ની અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ-૧૯૭૬ (જેને હવે પછી 'અધિનિયમ, ૧૯૭૬' તરીકે ઉલ્લેખવામાં આવે છે.)ની કલમ-૯ હેઠળ પ્રાપ્ત થતી સત્તાઓ અને ફરજો અન્વયે માંડલ-બેચરાજી સત્તામંડળે તેના હકુમત હેઠળના વિસ્તારની મુસદ્દારૂપ વિકાસ યોજના, મુસદ્દારૂપ સામાન્ય વિકાસ નિયંત્રણના વિનિયમો અને સંબંધિત રિપોર્ટ તૈયાર કરેલા છે. જેને માંડલ-બેચરાજી સત્તામંડળની તા. ૨૧-૦૪-૨૦૧૩ની બીજી બેઠકના ઠરાવ નં. ૨/૩થી મંજૂરી આપવામાં આવેલ છે અને સત્તામંડળની સદરહું બેઠકના ઠરાવ નં. ૨/૪ના ઠરાવથી અધિકૃત કર્યા પ્રમાણે

માંડલ-બેચરાજી સત્તામંડળના મુખ્ય કારોબારી અધિકારીશ્રી દ્વારા મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્ત નીચે દર્શાવેલ અનુસૂચિની વિગતો સાથે એપેક્ષબોર્ડ/જીઆઈડીબીમાં અધિનિયમ-૨૦૦૯ની કલમ-૧૭ અને અધિનિયમ-૧૯૭૬ની કલમ-૯ હેઠળ તા. ૦૯-૦૫-૨૦૧૩ના પત્ર સાથે સાદર કરેલ છે.

તેથી હવે સદરહું અધિનિયમ-૨૦૦૯ની કલમ-૧૭ અને અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૩ની પેટા કલમ-(૧) અને ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ નિયમો, ૧૯૭૯ (જેને હવે પછી 'નિયમ-૧૯૭૯' તરીકે ઉલ્લેખવામાં આવે છે.) ના નિયમ ૫ અનુસાર માંડલ-બેચરાજી સત્તામંડળ આથી નોટિસ આપે છે કે, મુસદ્દારૂપ વિકાસ યોજનાના મુસદ્દારૂપ સામાન્ય વિકાસ નિયંત્રણના વિનિયમો, સંબંધિત રિપોર્ટ અને અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિદ્ધિની તા. ૧૪-૦૫-૨૦૧૩થી બે મહિનાની મુદતની અંદર, મુસદ્દારૂપ વિકાસ નગર યોજના અને વિગતોના સંબંધમાં કોઈ વ્યક્તિ કે સંસ્થા પાસેથી લેખિત વાંધાઓ અથવા સૂચનો મળે તેવા કોઈ વાંધાઓ અથવા સૂચનો વિચારણામાં લેશે અને માંડલ-બેચરાજી સત્તામંડળને યોગ્ય લાગે તે પ્રમાણે ફેરફારો કરી શકશે.

*અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૩ની પેટા-કલમ(૨) અનુસાર અનુસૂચિ*

(ક) માંડલ-બેચરાજી વિકાસ યોજનાથી આવરી લેવાતાં વિસ્તારની મુસદ્દારૂપ વિકાસ યોજનાની દરખાસ્તનો રિપોર્ટ-૧, જેમાં મુસદ્દારૂપ વિકાસ યોજના તૈયાર કરવા માટે કરેલી સર્વેનું અને અન્ય ધ્યાને લીધેલી વિગતોનું નિવેદન. જેમાં મુસદ્દારૂપ વિકાસ યોજનામાં સમાવિષ્ટ જમીનોના સૂચિત ઉપયોગો દર્શાવેલ છે.

(ખ) માંડલ-બેચરાજી ખાસ મૂડીરોકાણ પ્રાદેશિક સત્તામંડળના નકશાઓ.

(૧) હયાત જમીન વપરાશ દર્શાવતા નકશાઓ. (શીટ નંગ ૧ થી ૨૨, સ્કેલ ૧ સે.મી. = ૮૦ મીટર)

(૨) સૂચિત વિકાસ યોજનાની દરખાસ્ત દર્શાવતા નકશાઓ. (શીટ નંગ ૧ થી ૨૨, સ્કેલ ૧ સે.મી. = ૮૦ મીટર)

(૩) આંતરમાળખાકિય સવલતો દર્શાવતા નકશાઓ.

(ગ) મુસદ્દારૂપ સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો (જીડીસીઆર).

મુસદ્દારૂપ વિકાસ યોજનાના મુસદ્દાની જોગવાઈઓના અમલ માટેના મુસદ્દારૂપ સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો રિપોર્ટ-૨

(ઘ) જમીનનો વિકાસ કરવા માટેની યથાપ્રસંગ માંડલ-બેચરાજી સત્તામંડળ પાસેથી પરવાનગી કેમ મેળવવી તે રીત સમજાવતી દરખાસ્તો અને નિયત નમૂનાની અરજીઓ.

(ચ) માંડલ-બેચરાજી વિકાસ યોજનાથી આવરી લેવાતાં વિસ્તારની વિકાસ યોજનાના મુસદ્દાથી માંડલ-બેચરાજી સત્તામંડળ ઉપર કોઈ જવાબદારી અને વિકાસના તબક્કા દ્વારા પહોંચી વળવા ધાર્યું હોય તેવું નિવેદન રીપોર્ટ-૧માં દર્શાવેલ છે.

(છ) માંડલ-બેચરાજી વિકાસ યોજનાથી આવરી લેવાતાં વિસ્તારની સાર્વજનિક હેતુઓ માટે અલાયદી રાખેલી જમીનના સંપાદનમાં કે આંતરમાળખાકિય સવલતોના વિકાસ માટે થતાં ખર્ચાનો આશરે અંદાજ રીપોર્ટ-૧માં દર્શાવેલ છે.

અધિનિયમ-૧૯૭૬ની કલમ-૧૦ હેઠળ મુસદ્દારૂપ વિકાસ યોજનાની, મુસદ્દારૂપ જીડીસીઆરની અને સંબંધિત રિપોર્ટની નકલો માંડલ-બેચરાજી સત્તામંડળની ગાંધીનગર મુકામે નીચે દર્શાવેલ મુખ્ય કચેરીમાં કામકાજના સમયે જાહેર જનતાને જોવા માટે ખુલ્લા રાખેલ છે.

ગાંધીનગર, ૧૪ માહે મે, સને ૨૦૧૩.

પંકજ પટેલ,
*મુખ્ય કારોબારી અધિકારી,*
એમબીએસઆઈઆરડીએ,
ગાંધીનગર.

મુખ્ય કારોબારી અધિકારીશ્રી,
માંડલ-બેચરાજી સ્પેશ્યલ ઈન્વેસ્ટમેન્ટ રીજીયનલ ડેવલપમેન્ટ ઓથોરીટી, ગાંધીનગર.
ફોન ૦૭૯-૨૩૨૪૦૧૫૦-૨-૪, ફેક્સ : ૦૭૯ ૨૩૨૪૮૪૪૩
Email : ceo@dholerasir.com
Website : www.dholerasir.com
મુખ્ય કચેરી : ગાંધીનગર
ઠે. બ્લોક નં. ૧૧/૧૨, ૩જો માળ, ઉદ્યોગ ભવન,
સેક્ટર-૧૧, ગાંધીનગર (૩૮૨૦૧૭)

PRINTED AT THE GOVERNMENT PRESS, RAJKOT COMPLAINTS ABOUT GAZETTE MUST BE MADE WITHIN A FORTNIGHT FROM THE DATE OF THIS PUBLICATION ACCOMPANIED BY THE WRAPPER.